ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/૪૯
વિતરણ/પોલીસી/
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. ૦૨/૧૨/૨૦૧૫

// <u>પરિપત્ર</u> //

**વિષયઃ- નિગમના વસાહતોની વણવપરાશી ઔદ્યોગિક મિલ્કત તબદીલ કરવાની નીતિ.**

નિગમની વસાહતોમાં ફાળવવામાં આવેલ મિલ્કતનો ફાળવણીદાર ધ્વારા ઉપયોગ કરવામાં આવેલ ન હોય અને તે આજની તારીખે પણ વણવપરાશી/ખૂલ્લી પડી રહેલ હોય અને આવા ફાળવણીદારો જો પોતાની મિલ્કત તબદીલ કરવા ઇચ્છતા હોય તો ખાસ કિસ્સા તરીકે નીચે મુજબની નીતિ (એકઝીટ પોલીસી) અમલમાં મુકવામાં આવે છે. આ નીતિની સમય મર્યાદા તા.૩૧/03/૨૦૧૬ સુધીની રહેશે. આ પોલીસીનો લાભ લેવા ઇચ્છતા ફાળવણીદારોએ આ પોલીસી અંતર્ગત કરવાની થતી તબદીલીની અરજી નિગમની જે-તે પ્રાદેશિક કચેરીને તા.૩૧/03/૨૦૧૬ સુધીમાં મળી જાય તે રીતે કરવાની રહેશે અને આ યોજના અંર્તગત મળેલ તમામ અરજીઓ અંગે તા.30/0૬/૨૦૧૬ સુધીમાં નિર્ણય લઇ લેવાના રહેશે.

(૧) આવા વણવપરાશી/ખૂલ્લા પ્લોટ/એકમ/મિલ્કત જયારે તબદીલ કરવા માટે આવે ત્યારે તેઓ પાસેથી જે તે વસાહતના પ્રવર્તમાન ફાળવણી દરના ૨૦% તબદીલી ફી વસૂલ કરવાની રહેશે.

(૨) આ નીતિ અંતર્ગત તબદીલ થનાર મિલ્કતના કિસ્સામાં મિલ્કતની ફાળવણી તારીખથી પ્રવર્તમાન ફાળવણી દરના પ્રતિ વર્ષ ૧% લેખે મહત્તમ ૧૦% ની મર્યાદામાં વણવપરાશી દંડ વસૂલ કરવાનો રહેશે.

(3) આ નીતિ અંતર્ગત તબદીલ થનાર મિલ્કતનાં કિસ્સામાં તબદીલીથી મેળવનારને તબદીલી તારીખથી નિગમની પ્રવર્તમાન નીતિ પ્રમાણે નિયત સમય મર્યાદામાં મિલ્કતને ઉપયોગમાં લેવાની રહેશે.

(૪) એક્ષટેન્શન માટે જે કોઇ ફાળવણીદારોએ આપવામાં આવેલ સમયગાળામાં અરજી કરેલ હોય અને આ સમય મર્યાદા પૂર્ણ થયેલ ન હોય તેવા ફાળવણીદારો પણ આ યોજનામાં ભાગ લઇ શકશે. તેમજ હવે ઉપરાંત નિગમ ધ્વારા વણવપરાશી/ખૂલ્લી મિલ્કતના ઉપયોગ માટે સમયમર્યાદા વધારવાની કોઇ નીતિ ભવિષ્યમાં અમલમાં મુકવામાં આવશે નહીં. તા.૩૧/03/૨૦૧૬ પછી નિગમની વસાહતોમાં જે કોઇ મિલ્કત વણવપરાશી રહેલ હશે (મોરેટોરીયમ પીરિયડ સિવાયના કિસ્સા) તેવી તમામ મિલ્કતોને નિગમ ધ્વારા GPP ACT હેઠળ વણવપરાશી ગણી પરત મેળવવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૫) તબદીલ થનાર મિલ્કત ઉપર તબદીલી તારીખ સુધી નિગમનાં મિલ્કત પેટેના જે કોઇ લેણા વસૂલવાના બાકી હોય તે અલગથી વસૂલવાનાં રહેશે.

(૬) વણવપરાશી/ખૂલ્લી મિલ્કત તબદીલીની સત્તા નિગમના તા. ૦૨/૧૨/૨૦૧૪ ના સત્તા સોંપણી બાબતના પરિપત્રની જોગવાઇઓ મુજબ "ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી"ના મથાળા હેઠળ જે સત્તાની સોંપણી કરવામાં આવેલ છે તે પ્રમાણે સત્તાધિકારીની રહેશે.

(૭) મુખ્ય હિસાબી અધિકારીશ્રી ધ્વારા સદર કિસ્સામાં તબદીલ થતી મિલ્કતની તબદીલી ફી એક અલગ મથાળા હેઠળ જમા કરાવવા બાબતની જાણ ક્ષેત્રિય કચેરીને કરવાની રહેશે.

(૮) કોઇપણ પ્રકારે વિતરણ થયેલ પ્લોટોને વિતરણ દરમ્યાન જો કોઇ નાણાંકીય/વપરાશની છૂટછાટ આપવામાં આવેલ હોય તો તબદીલીથી લેનાર (નવા આવનાર) ને સદર છૂટછાટ આપવામાં આવશે નહિ.

(૯) ફાળવણીદાર ધ્વારા તેમને ફાળવેલ પ્લોટ નિગમની પ્રવર્તમાન નીતિ અનુસાર પેટા વિભાજન કરવામાં આવેલ હોય અને પેટા વિભાજીત થયેલ ખૂલ્લો/વણવપરાશી પ્લોટ તબદીલ કરવા ઇચ્છતા હોય તો આ નીતિ અંર્તગત તેઓ પોતાની મિલ્કત તબદીલ કરી શકશે અને ઉકત હેતુ માટે આ પેટા વિભાજીત પ્લોટને વણવપરાયેલ ગણવામાં આવશે નહિ.

સહી/-
**(મનોજ અગ્રવાલ)**
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

**નકલ જયભારત સહ રવાના:-**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) કાર્યપાલક નિયામકશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

મંજુરી મુજબ જારી કર્યુ

કાર્યપાલક નિયામક (ઇએન્ડએ)